# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-10-2026** **Evening: 7.50 TO 8.00**

**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

*****************************************************

1) રેલવે કર્મચારીઓને 78 દિવસના બોનસ અને રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમને આગામી 5 વર્ષ સુધી ચાલુ રાખવા કેન્દ્રીય મંત્રીની મંજૂરી.
2) કેન્દ્રીય મંત્રી મંડળએ IDBI બેન્કના વ્યૂહાત્મક પુનર્ગઠનને મંજૂરી આપી.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું નાલંદા જેવા શિક્ષણના કેન્દ્રોએ ભારત અને એશિયા વચ્ચે જ્ઞાનના આદાન-પ્રદાનને મજબૂત બનાવ્યું હતું.
4) અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા ઉર્જા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો રશિયા પર યુક્રેનના રાષ્ટ્રપ્રમુખનો આક્ષેપ.
5) ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની ટ્વેન્ટી-ટ્વેન્ટી શ્રેણીની ચોથી મેચ આજે હૈદરાબાદમાં શરૂ.

****************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## CABINET - RAILWAY BONUS- - SOCIAL ASSISTANCE-IDBI

કેન્દ્રીય મંત્રીમંડળે આજે 3 મહત્વપૂર્ણ નિર્ણય લીધા છે રેલવે કર્મચારીઓને 78 દિવસના બોનસને મંજૂરી આપી છે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠક બાદ માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે દરેક લાયક રેલવે કર્મચારીને મહત્તમ 17,951 રૂપિયા ચૂકવવામાં આવશે.

### ( BYTE- CABINET BONUS )

*("रेलवे के करीब 11 लाख 40 हजार 770 कर्मचारियों के लिए परफॉरमेंस लिंक्ड बोनस, 78 दिनों का बोनस आज कैबिनेट ने अप्रूव किया। ये दीपावली का उपहार है रेलवे के सभी कर्मठ कर्मचारियों के लिए, जो दिन-रात मेहनत करते हैं, करीब 2 हजार 9 करोड़ रुपए का टोटल बोनस है।")*

શ્રી વૈષ્ણવે કહ્યું કે રેલવેમાં મોટા પાયે ભરતી ઝુંબેશ ચાલી રહી છે.

### ( BYTE – VAISHNAV – JOB )

*("रेलवे में मैसिव रिक्रूटमेंट चल रहा है, करीब १ लाख ६५ हजार भर्तियां निकली हुई है जिसपे एग्जाम लगातार चल रहा है, अब तक करीब ३७००० पक्की नौकरी दी जा चुकी है रेलवे में, इसी पिछले कुछ समय में ही। टोटल अगर २०१४ से अब तक की देखें, तो करीब साढ़े ५ लाख भर्तियां रेलवे में की गई है।")*

શ્રી વૈષ્ણવે કહ્યું કે મંત્રી મંડળે પાંચ વર્ષના સમયગાળા માટે 'રાષ્ટ્રીય સામાજિક સહાયતા કાર્યક્રમ' (National Social Assistance Programme) ચાલુ રાખવાની મંજૂરી આપી છે.

### ( BYTE - SOCIAL SECURITY )

("दूसरा बड़ा फैसला आज लिया गया है, वंचितों को वरियता जो हमारे वीक्स सेक्शंस है सोसाइटी के, वल्नरेबल सेक्शंस है, उनके लिए सोशल सिक्योरिटी नेट का एक्सपेंशन। इसे 2031 तक बढ़ाया गया है और टोटल 53,428 करोड़ रूपीस का प्रावधान सोशल सिक्योरिटी नेट के एक्सपेंडेड फॉर्म में किया गया है।")

તેમણે કહ્યું કે, દિવ્યાંગજન પેન્શન યોજના હેઠળ સહાયની રકમ હવે 79 વર્ષ સુધીની વયજૂથ માટે 375 રૂપિયા અને 80 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો માટે 625 રૂપિયા રહેશે.

( BYTE- DIVYANG PENSION )

*("दिव्यांगजनों के लिए जो पहले ८० प्रतिशत थ्रेशोल्ड था डिसेबिलिटी पेंशन में एलिजिबिलिटी के लिए, उसको आधा करके ४० प्रतिशत पर भी अब दिव्यांग पेंशन दिया जाएगा। पहले दिव्यांग पेंशन १८ साल से ऊपर के व्यक्ति को ही दिया जाता था, अब जन्म से ही दिव्यांगजन को पेंशन में कवर किया जाएगा। २७ लाख दिव्यांगजन लाभार्थी होंगे। टोटल लाभार्थिओ की संख्या बढ़के करीब ३ करोड़ २० लाख हो जाएगी।"0*

કેન્દ્રીય મંત્રીમંડળે IDBI બેંકના વ્યૂહાત્મક પુનર્ગઠનને મંજૂરી આપી દીધી છે

( BYTE - GROW CAPITAL )

# SITHARAMAN-IDBI

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે CCEA (આર્થિક બાબતોની મંત્રીમંડળની  સમિતિ) દ્વારા IDBI બેંકના વ્યૂહાત્મક પુનર્ગઠનને મંજૂરી મળવાથી ભારતના સુધારાની ગતિએ આજે એક નવો સીમાચિહ્નરૂપ તબક્કો હાંસલ કર્યો છે. નાણામંત્રીએ સોશિયલ મીડિયા સંદેશ માં કહ્યું કે સરકાર હવે લઘુમતી હિસ્સો જાળવી રાખીને વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI) દ્વારા વિકાસના આગામી તબક્કાને વેગ આપી રહી છે. શ્રીમતી સીતારમણે કહ્યું કે આનાથી માત્ર બેંકિંગ ઇકોસિસ્ટમ જ મજબૂત નહીં થાય, પરંતુ બેંકિંગ સેવાઓને વૈશ્વિક માપદંડોથી પણ શ્રેષ્ઠ બનાવવામાં મદદ મળશે.

# REV PM- SHEKHAWAT - CONFERENCE

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે દેશની સભ્યતાલક્ષી યાત્રા સદીઓથી ચાલી આવતી સાંસ્કૃતિક આપ-લે અને જ્ઞાનના આદાન-પ્રદાન દ્વારા ઘડાઈ છે. વિશ્વભરમાં ભારતના સાંસ્કૃતિક સંબંધો અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદના ઉદ્ઘાટન સત્ર દરમિયાન આપેલા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે નાલંદા જેવા શિક્ષણના કેન્દ્રોએ ભારત અને એશિયાના અન્ય ભાગો વચ્ચે જ્ઞાનના આદાન-પ્રદાનને મજબૂત બનાવ્યું હતું.

તેમણે ઉલ્લેખ કર્યો કે સાધુઓ, વિદ્વાનો, વેપારીઓ અને પ્રવાસીઓએ જમીન અને સમુદ્રી માર્ગો દ્વારા ભારતીય વિચારોને વિશ્વભરમાં પહોંચાડ્યા હતા. પ્રધાનમંત્રી નો આ સંદેશ સંસ્કૃતિ સચિવ વિવેક અગ્રવાલે વાંચી સંભળાવ્યો હતો.

# PM-LADAKH PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે લદ્દાખમાં લગભગ ત્રણ હજાર ત્રણસો 50 કરોડ રૂપિયાના પાંચ મુખ્ય વિકાસ પ્રોજેક્ટ્સનું વીડિયો કોન્ફરન્સ દ્વારા ઉદ્ઘાટન અને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ્ય જોડાણ ને મજબૂત બનાવવા, ઉર્જા માળખાગત સુવિધામાં સુધારો કરવા, સાંસ્કૃતિક વારસાનું સંરક્ષણ અને પ્રદેશમાં જળ સુરક્ષા વધારવાનો છે.

પ્રધાનમંત્રી લેહના કુશોક બાકુલા રિમ્પોચી એરપોર્ટ ખાતે 640 કરોડ રૂપિયાના ખર્ચે બનેલા નવા પેસેન્જર ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી બોર્ડર રોડ્સ ઓર્ગેનાઇઝેશન (BRO) દ્વારા બનાવવામાં આવેલ 298 કિમી લાંબો નિમ્મુ-પદુમ-દર્ચા રોડ રાષ્ટ્રને સમર્પિત કરશે.

# RAJNATH - ASEAN INDIA DEFENCE

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ભારત અને આસિયાન દેશો વચ્ચે સંરક્ષણ સહયોગને મજબૂત બનાવવા સંયુક્ત સંશોધન, ટેકનોલોજી ભાગીદારી અને દરિયાઈ સુરક્ષા પર સાથે મળીને કામ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

નવી દિલ્હીમાં આસિયાન-ભારત સંરક્ષણ થિંક ટેન્ક ફોરમમાં બોલતા, સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આતંકવાદ, સાયબર ક્રાઇમ, દરિયાઈ પડકારો અને કુદરતી આફતોનો સામનો કરવા માટે બધા દેશોએ સાથે આવવું જોઈએ.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# MEA- BRIEFING

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગઈકાલે અરામકો (Aramco)ના મુખ્ય મથક પર થયેલા હુમલાની ટીકા કરતાં કહ્યું કે ભારત સાઉદી અરેબિયા દેશમાં નાગરિક માળખાગત સુવિધાઓ પર થતા તમામ હુમલાઓની ટીકા કરે છે. તેમણે કહ્યું કે ભારત આશા રાખે છે કે આ ક્ષેત્રમાં શાંતિ અને સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત થાય.

સાઉદી અરેબિયામાં વસતા ભારતીયો અંગે માહિતી આપતા શ્રી જયસ્વાલે કહ્યું કે રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસ ભારતીય સમુદાયના સભ્યોના કલ્યાણ માટે તેમની સાથે નિયમિત સંપર્કમાં છે. સાથે જ, આ અંગે જરૂરી સૂચનાઓ (એડવાઈઝરી) પણ જારી કરવામાં આવી છે.

# PM 25 YEARS- BORDER

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કર્યા છે. જાહેર સેવા દ્વારા રાષ્ટ્રની સેવા કરવી એ તેમની યાત્રાનો મુખ્ય મંત્ર રહ્યો છે.**

**આજે અમારી વિશેષ શ્રેણીમાં જણાવશું દેશના વિકાસ અને રાષ્ટ્રીય સુરક્ષા માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સરહદી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ કેવી રીતે મજબૂત બનાવવામાં આવી રહી છે. અરુણાચલ પ્રદેશમાં સેલા ટનલ આ પ્રતિબદ્ધતાનું એક મહત્વપૂર્ણ ઉદાહરણ છે.**

( VC - હિના મોદી )

*(અરુણાચલ પ્રદેશમાં આશરે 13,000 ફૂટની ઊંચાઈ પર સ્થિત, સેલા ટનલ પૂર્વીય હિમાલયના મુશ્કેલ ભૂપ્રદેશમાં એન્જિનિયરિંગ કૌશલ્યનું એક મુખ્ય ઉદાહરણ છે. આશરે 825 કરોડ રૂપિયા ના ખર્ચે બનેલ, આ પ્રોજેક્ટમાં બે ટનલનો સમાવેશ થાય છે, દરેક લગભગ 1,030 મીટર લાંબી અને 1,595 મીટર લાંબી છે. આ ટનલનો ઉદ્દેશ્ય આસામના તેજપુર અને અરુણાચલ પ્રદેશના તવાંગ વચ્ચે સર્વ-હવામાન જોડાણ પૂરું પાડવાનો છે. તે ભારે હિમવર્ષા અને પ્રતિકૂળ હવામાન દરમિયાન પણ અવરજવરને સરળ બનાવશે. આ ટનલ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે. તે ઊંચાઈવાળા સેલા પાસના પડકારોને દૂર કરવામાં મદદ કરશે અને સરહદી ક્ષેત્રમાં લશ્કરી કર્મચારીઓ, લશ્કરી સાધનો અને આવશ્યક પુરવઠાની અવરજવરને સરળ બનાવશે. આનાથી સેનાની ઓપરેશનલ તૈયારી પણ મજબૂત થશે. ટનલથી સ્થાનિક રહેવાસીઓને પણ ફાયદો થશે. સુધારેલ રોડ કનેક્ટિવિટી આરોગ્યસંભાળ, શિક્ષણ, બજારો અને અન્ય આવશ્યક સુવિધાઓ સુધી પહોંચને સરળ બનાવશે. તે પ્રવાસન અને આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે. સેલા ટનલ દૂરના અને સરહદી વિસ્તારોમાં આધુનિક માળખાગત સુવિધાઓ વિકસાવવા માટે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ પ્રોજેક્ટ રાષ્ટ્રીય સુરક્ષા અને પ્રાદેશિક વિકાસ વચ્ચે એક મહત્વપૂર્ણ કડી છે. હિના મોદી ,આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# UKRAINE-RUSSIA

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કીએ આજે રશિયા પર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ  ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા ઊર્જા ક્ષેત્રના યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂક્યો છે. શ્રી ઝેલેન્સ્કીએ સોશિયલ મીડિયા સંદેશમાં આક્ષેપ કર્યો હતો કે મોસ્કોએ રાતોરાત યુક્રેનના ઊર્જા અને મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ પર મોટા પાયે હુમલો કર્યો, જેના કારણે ઓછામાં ઓછા 6,00,000 લોકો વીજળીથી વંચિત થઈ ગયા છે.

તેમણે જણાવ્યું હતું કે રશિયન દળોએ કિવ અને ખાર્કિવ ક્ષેત્રમાં ઊર્જા સુવિધાઓને નિશાન બનાવવા માટે બેલિસ્ટિક મિસાઇલો અને એટેક ડ્રોનનો ઉપયોગ કર્યો હતો.

# JAISHANKAR - CANADA FM

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને કેનેડાના વિદેશ મંત્રી અનિતા આનંદે આજે વેપાર અને રોકાણ, શિક્ષણ, ઊર્જા, સંરક્ષણ અને લોકો વચ્ચેના આદાન-પ્રદાન જેવા ક્ષેત્રોમાં ભારત-કેનેડા સંબંધોની પ્રગતિની સમીક્ષા કરી હતી.

બંને મંત્રીઓએ આજે નવી દિલ્હીમાં બેઠક યોજી હતી. ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા સંદેશ માં કહ્યું  કે તેમણે મુખ્ય પ્રાદેશિક અને વૈશ્વિક ઘટનાક્રમ અંગે પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું. તેમણે કહ્યું કે સરકાર અને ઉદ્યોગ જગત વચ્ચેના સતત સંપર્ક અને નેતૃત્વના માર્ગદર્શન હેઠળ ભારત અને કેનેડા તેમની વ્યૂહાત્મક ભાગીદારીને આગળ વધારી રહ્યા છે.

# CRICKET 4TH T20 MATCH

ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની ટ્વેન્ટી-ટ્વેન્ટી શ્રેણીની ચોથી મેચ આજે હૈદરાબાદમાં રમાઈ રહી છે. રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાતી મેચમાં શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ શાઈ હૉપની આગેવાની હેઠળની વેસ્ટ ઇન્ડીઝ ટીમે 10 ઓવરમાં 2 વિકેટે 118 રન કર્યા છે.

ગત રવિવારે ઇન્દોરમાં રમાયેલી ત્રીજી ટ્વેન્ટી-ટ્વેન્ટી મેચમાં વેસ્ટ ઇન્ડીઝને 14 રનથી હરાવ્યા બાદ ભારત પાંચ મેચની આ શ્રેણીમાં બે–એકથી આગળ છે.

# INDIA-SKATE-SILVER

ભારતના આનંદકુમાર વેલકુમારે પેરાગ્વેમાં વિશ્વ સ્કેટિંગ રમતમાં પુરુષોની 1000 મીટર સ્પ્રિન્ટ કેટેગરીમાં રજત ચંદ્રક જીત્યો છે. તેમણે ટૂંકા અંતરથી સુવર્ણ ચંદ્રક જીતવાની તક ગુમાવી દીધી અને પોડિયમ પર બીજા સ્થાને રહ્યા. તેમણે પુરુષોની 1000 મીટર સ્પ્રિન્ટ સ્પર્ધામાં ઉત્તમ પ્રદર્શન કર્યું, જેમાં 1 મિનિટ 21.922 સેકન્ડનો સમય લાગ્યો.

સુવર્ણ ચંદ્રક વિજેતા અને આનંદકુમાર વચ્ચેનો સમય તફાવત ફક્ત 4 મિલિસેકન્ડનો હતો. આનંદકુમારે 2026 વિશ્વ સ્કેટ સ્પર્ધામાં અત્યાર સુધીમાં બે ચંદ્રક જીત્યા છે, અને રવિવારે મેરેથોનમાં ભાગ લેવા જતાં પેહલા તેમની પાસે બીજો ચંદ્રક જીતવાની તક છે. તેણે અગાઉ 500 મીટર સ્પ્રિન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

# MAHA-DROUGHT

મહારાષ્ટ્ર સરકારે વધુ 40 તાલુકાઓને યાદીમાં સામેલ કર્યાં બાદ, રાજ્યના 358 માંથી 305 તાલુકાઓને દુષ્કાળગ્રસ્ત જાહેર કર્યા છે; આમ રાજ્યના 85 ટકાથી વધુ તાલુકાઓ આમાં આવરી લેવાયા છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જાહેરાત કરી છે કે અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોને દિવાળી પહેલાં પાંચ હજાર રૂપિયાની પ્રાથમિક આર્થિક સહાય સીધી તેમના બેંક ખાતામાં આપવામાં આવશે.